જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૬/૧૨/૨૦૨૩ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૭૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૩ કેસ કરી, ૮૯ વ્યક્તિઓને ઝડપી, ૩૩૩ લીટર દેશી દારૂ, ૬૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯ બિયર ટીન, ૨ સ્કુટર અને ૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી, ૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૭૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૦૭૨/૨૦૨૩

**સાબરમતીઃ** રશ્મિકાંતભાઇ મધુસુદનભાઇ રામી (રહે. પદ્માવતિ ફ્લેટ સુદામા પાર્ક સામે ડી-કેબીન સાબરમતી) એ તા.૨૫/૧૨/૨૦૨૩ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૨/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ થી તા.૨૫/૧૨/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૯૯,૬૩૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

**દાણીલીમડાઃ** દીનેશભાઇ મણીલાલ મકવાણા (રહે. બીજો માળ શિવકૃપા ફ્લેટ જેઠલ એપાર્ટમેન્ટની બાજુમા દાણીલીમડા) એ તા.૨૫/૧૨/૨૦૨૩ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૨/૨૦૨૩ સવારના ૧૧/૪૫ થી સાંજના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૯૦,૦૦૦/- મળી કિમત રૂપિયા ૧,૭૧,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.પરમાર ચલાવે છે.

**નવમા માળથી પડી જતા મૃત્યું :-** **સમાચાર યાદી નં.૨૦૭૩/૨૦૨૩**

**બોડકદેવઃ** પાર્ક વ્યુ સોસાયટી કલ્હાર ચાર રસ્તા પ્રથમ હાઈટ્સ નામની નવી બનતી સાઈટ ખાતે રહેતા અને ત્યા જ મજુરી કામ કરતા ગૌતમ રામકરણ (ઉ.વ.૧૯) તા.૨૫/૧૨/૨૦૨૩ બપોરના ૨/30 વાગ્યાના સુમારે નવી બનતી સાઈટ ખાતે નવમા માળે મજુરી કામ કરતા હતા ત્યારે નવમા માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી ભાવનાબહેન વિરાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૪/૨૦૨૩**

**ગુજરાત યુનિવર્સિટીઃ** રાહુલભાઇ મઘાભાઇ રાઠોડ (ઉ.વ.૨૫) (રહે.મોડાદેવાનો વાસ ગુલબાઇ ટેકરા) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૨/૨૦૨૩ સવારના ૮/૦૦ થી બપોરના ૪/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતની લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** અમર કાલીદાસ બારૈયા (ઉ.વ.૨૫) (રહે. બ્લોક નં-૭ ઔડાના મકાન ચાર માળીયા લલુ રત્નાના છાપરાં સામે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૨/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા રાયખડ પાછળ સી.ડી.નંબર-૨૪ પાસે રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ મનહરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી